પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૭ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નાગરિકતા કાનુન પર સ્ટેનો સુપ્રીમનો ઈન્કાર

**સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ફટકારેલી નોટિસ : નાગરિક કાનુનને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજી ઉપર હવે ૨૨ જાન્યુઆરીના દિને સુનાવણી કરાશે**



નવી દિલ્હી,તા ૧૮

નાગરિક સુધારા કાનુનને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી જુદી જુદી ૫૯ અરજીઓ પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે આજે બુધવારના દિવસે કેન્દ્ર સરકારને નોટીસ ફટકારી હતી. સાથે સાથે કેન્દ્ર સરકારને જાન્યુઆરીના બીજા સપ્તાહ સુધી પોતાનો જવાબ રજૂ કરવા માટેનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે નવા કાનુન પર સ્ટે મુકવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. સાથે સાથે કહ્યુ છે કે હજુ તે લાગુ નથી ત્યારે તેના પર સ્ટેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મામલાની આગામી સુનાવણી ૨૨મી જાન્યુઆરીના દિવસે કરવામાં આવનાર છે. અરજી કરનાર લોકો દ્વારા નાગરિક સુધારા કાનુનને પડકાર ફેંકીને રજૂઆત કરી હતી. સુનાવણી દરમિયાન અરજી કરનાર લોકો તરફથી પોતાની દલીલો કરવા માટે પહોંચેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે કાનુન પર સ્ટે મુકવાની જરૂર છે. આના પર સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે કાનુન પર સ્ટે મુકી શકાય છે કે કેમ તે બાબત જોવાની રહેશે. નાગરિક સુધારા કાનુન પાસ

● અનુસંધાન પાન-૭ પર

## રામ મંદિર ટ્રસ્ટમાં ભાજપનો કોઈ સભ્ય નહીં હોય : અમિત શાહ

**મંદિર નિર્માણ માટે સરકાર એક રૂપિયાનો ખર્ચ નહીં કરે**



ન્યુ દિલ્હી,તા.૧૮

ગૃહમંત્રી અમિત શાહે થોડા દિવસ અગાઉ અયોધ્યામાં ટૂંક સમયમાં ભવ્યાતિભવ્ય રામ મંદિરનું નિર્માણ થશે તેમ જણાવ્યું હતું. અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે સુપ્રીમ કોર્ટની લીલીઝંડી મળ્યા બાદ મંદિરના ટ્રસ્ટમાં રાજકારણ સાથે

● અનુસંધાન પાન-૭ પર

## તાતા સન્સના ચેરમેનપદે પુનઃ સાયરસ મિસ્ત્રી

**નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ દ્વારા આદેશ કરાયો : બે સભ્યોની બેંચ દ્વારા અતિમહત્વપૂર્ણ ચુકાદો જાહેર થયો**



નવીદિલ્હી, તા. ૧૮

નેશનલ કંપની લો અપ્લેટ ટ્રીબ્યુનલે સાયરસ મિસ્ત્રીને તાતા સન્સના કારોબારી ચેરમેનના હોદ્દા પર ફરી સત્તારુઢ કરવા માટેનો આદેશ જારી કર્યો છે. નેશનલ કંપની લો એપ્લેટ ટ્રીબ્યુનલે કહ્યું છે કે, મિસ્ત્રીને ફરીથી તાતા સન્સના કારોબારી ચેરમેન બનાવવાની જરૂર છે. આ હોદ્દા પર એન ચંદ્રશેખરની નિમણૂંકને ગેરકાયદે ગણાવવામાં આવી છે. ટ્રીબ્યુનલે કહ્યું છે કે, ફરી નિમણૂંક કરવાના આદેશને ચાર સપ્તાહ બાદ અમલી કરવામાં આવશે. તાતા સન્સને અપીલ કરવા માટે સમય આપવામાં આવ્યો છે. એનસીએલએટીના બે સભ્યોની બેંચે આજે આ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. એનસીએલએટીના આ અરજી મિસ્ત્રી અને તેમની બે ઈન્વેસ્ટમેન્ટ કંપની તરફથી દાખલ કરવામાં આવી હતી. જુલાઈ મહિનામાં એપ્લેટે આ ચુકાદો અનામત રાખ્યો હતો.

## નિર્ભયા રેપ કેસમાં રિવ્યુ પિટિશન ફગાવાઈ

**ડેથ વોરંટ જારી ન કરાયું : ડેથ વોરંટ જારી ન થતાં નિર્ભયાના માતા-પિતા નિરાશ દેખાયા : ડેથ વોરંટના મામલે સાતમીએ સુનાવણી**

નવીદિલ્હી, તા. ૧૮

નિર્ભયાના દોષિત અક્ષય ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યુ પિટિશનને પણ સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. કોર્ટરુમમાં ઉપસ્થિત રહેલા નિર્ભયાના માતાપિતાએ કોર્ટના આ નિર્ણયને લઈને ખુશી વ્યક્ત કરી હતી. જો કે, પટિયાલા હાઉસ કોર્ટ તરફથી ડેથ વોરંટ જારી ન થતાં નિરાશા પણ જોવા મળી હતી. નિર્ભયાના માતા-પિતાએ કહ્યું હતુ કે, તેમને તો હજુ સુધી માત્ર તારીખ ઉપર તારીખ મળી રહી છે. સુપ્રીમ કોર્ટે આજે ચાર અપરાધીઓ પૈકીના એક અક્ષય ઠાકુરની રિવ્યુ અરજીને ફગાવતા કહ્યું હતુ કે, ટ્રાયલ અને ચુકાદામાં કોઈપણ પ્રકારની ખામી દેખાતી નથી. પટિયાલા હાઉસ કોર્ટમાં આરોપીઓને ડેથ વોરંટ જારી કરવા સંબંધિત અરજી પર સુનાવણી થઈ હતી. કોર્ટમાં આગામી સુનાવણી ૭મી જાન્યુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. સાતમી જાન્યુઆરી સુધીનો સમય દોષિતોને કોર્ટ દ્વારા મળી ગયો છે. આને લઈને નિર્ભયાની માતા નિરાશ દેખાઈ હતી. નિર્ભયાની માતાએ કહ્યું હતુ કે, એક વર્ષથી તેઓ પટિયાલા હાઉસ કોર્ટના ચક્કર લગાવી રહ્યા છે. આજે ફરી સાતમી જાન્યુઆરીની તારીખ મળી ગઈ છે. અહીં તમામ અધિકાર અપરાધીઓને મળેલા છે. અમને કોઈ અધિકાર મળેલા નથી. અમારા વકીલની વાત કોર્ટે સાંભળી ન હતી. કોર્ટે પણ તેમના વકીલોની વાત સાંભળી હતી. કોર્ટની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા નિર્ભયાના પિતાએ કહ્યું હતુ કે, સાત વર્ષથી અમે ન્યાયની રાહ જોઈ રહ્યા છે. અમે ચુકાદાનું સ્વાગત કરીએ છીએ. સુપ્રીમ કોર્ટે ખુબ સમજીને ચુકાદો આપ્યો છે. નિર્ભયાની માતાએ કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## શશિ થરુરને અંગ્રેજી ભાષામાં યોગદાન બદલ સાહિત્ય એકેડમી પુરસ્કાર

ન્યુ દિલ્હી,તા.૧૮

કોંગ્રેસ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શશિ થરૂરને સાહિત્યની દુનિયામાં મોટુ સમ્માન મળ્યુ છે. શશિ થરૂરને અંગ્રેજી ભાષામાં યોગદાન માટે સાહિત્ય એકેડમી પુરસ્કાર ૨૦૧૯ના ખિતાબથી નવાજવામાં આવ્યા છે. કોંગ્રેસ સાંસદને આ પુરસ્કાર તેમના દ્વારા બ્રિટિશ કાળ પર લખેલી એન ઈરા ઓફ ડાર્કનેસ માટે મળ્યો છે. આ પુસ્તક ૨૦૧૬માં રિલીઝ થઈ હતી.

સાહિત્ય એકેડમી સંસ્થા તરફથી બુધવારે કુલ ૨૩ ભાષાઓમાં યોગદાન માટે પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. જેમાં હિન્દી,અંગ્રેજી, ગુજરાતી, તમિલ,અસમિયા, બાંગ્લા સહિત અન્ય ૨૩ ભાષા શામેલ છે. શશિ થરૂરને અંગ્રેજી ભાષા માટે પુરસ્કાર મળ્યો છે.

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**દિલ્હીમાં ઠંડીમાં ૨૨ વર્ષનો રેકોર્ડ તુટી ગયો : કાતિલ ઠંડીના કારણે લોકો નિસહાય : છેલ્લા ૨૭ વર્ષમાં લઘુતમ તાપમાન સૌથી નીચી સપાટી પર પહોંચી ગયુ છે**



નવી દિલ્હી,તા. ૧૭

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે માઠી અસર થયેલી છે. બીજી બાજુ હવે પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ ઠંડીએ નવા રેકોર્ડ સર્જી દીધા છે. દિલ્હીમાં છેલ્લા ૨૨ વર્ષમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન છેલ્લા ૨૨ વર્ષમાં સૌથી નીચી સપાટી પર પહોંચી ગયુ છે. આવી જ રીતે લઘુત્તમ તાપમાન પણ છેલ્લા ૨૭ વર્ષમાં સૌથી નીચે પહોંચી ગયુ છે. છેલ્લા ૨૪ કલાકમાં તો સુર્યદેવતાના બિલકુલ દર્શન થયા નથી.

આજે સ્થિતીમાં કોઈ સુધારો થયો ન હતો. દિલ્હીમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૨.૨ ડિગ્રી વચ્ચે અંતર રહ્યુ હતુ. હવામાન વિભાગના કહેવા મુજબ દિલ્હીમાં હાલમાં શુક્રવાર સુધી લોકોને રાહત મળનાર નથી.

દિલ્હીમાં નજફગઢમાં મહત્તમ તાપમાન ૧૧.૧ ડિગ્રી રહેલુ છે. જ્યારે જફરપુર અને મંગેશપુરમાં તાપમાન ૧૧.૬ ડિગ્રી રહેલુ છે. ઉત્તર ભારતમાં હાલમાં તીવ્ર ઠંડી પડી રહી છે. હાલત ખરાબ થયેલી છે.

ધુમ્મસના કારણે દિલ્હી અને ચંદીગઢ સહિત કેટલાક શહેરોમાં ધુમ્મસના કારણે વિમાનીસેવાને માઠી અસર થઈ છે. દિલ્હીમાં તાપમાનમાં ઘટાડો થયો છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના કારણે જનજીવન પર માઠી અસર થઈ રહી છે.

## નાગરિકતા કાનૂન મામલે ઘણા રાજ્યોમાં અજંપાભરી સ્થિતિ

**આઝમગઢમાં ઇન્ટરનેટ પર પ્રતિબંધ મુકવા નિર્ણય : મઉમાં હિંસા બાદથી ૬૦૦ તત્વોની વિરુદ્ધ એફઆઈઆર દાખલ : ત્રિપુરા, આસામ, બંગાળમાં પરિસ્થિતિમાં સુધાર**

નવીદિલ્હી, તા. ૧૮

નવા નાગરિક કાનૂનને લઈને આસામ સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. બીજી બાજુ કેટલાક વિસ્તારમાં હિંસક વિરોધ પ્રદર્શન જારી રહ્યા છે. આ બિલની સામે થઈ રહેલા પ્રદર્શનને ધ્યાનમાં લઈને ઉત્તરપ્રદેશમાં મઉ બાદ આઝમગઢમાં પણ ઈન્ટરનેટ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. નાગરિક કાનૂનના વિરોધમાં જુદી જુદી જગ્યા પર અરાજક તત્વો દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી સોશિયલ મિડિયા ઉપર ફેલાવવામાં આવી રહેલી અફવાઓના પરિણામ સ્વરુપે આઝમગઢ એસપી અને ડીએમે એક વાગ્યાથી ઈન્ટરનેટ સેવા બંધ કરવાની જાહેરાત કરી હતી. આઝમગઢમાં ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે.




બીજી બાજુ લખનૌમાં શિવપાલ યાદવની પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ પણ નાગરિક કાનૂનના વિરોધમાં વિરોધ પ્રદર્શન જારી રાખ્યા છે.

## ઝારખંડમાં અંતિમ ચરણના મતદાન માટે પ્રચારનો અંત

**૧૬ બેઠકો ઉપર ૨૦મી ડિસેમ્બરના દિવસે પાંચમાં અને અંતિમ તબક્કા માટે મતદાન : ૨૩મી ડિસેમ્બરે પરિણામ**

નવીદિલ્હી, તા. ૧૮

ઝારખંડમાં પાંચમાં અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવ્યો હતો. છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. ચૂંટણી પ્રચારનો અંત આવ્યા બાદ હવે ૧૬ સીટોને આવરી લેતા અંતિમ તબક્કામાં ૨૦મી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. ત્યારબાદ ૨૩મી ડિસેમ્બરના દિવસે મતગણતરી હાથ ધરાશે. ઝારખંડમાં ભાજપ સરકાર જાળવી શકશે કે કેમ તેને લઈને સસ્પેન્સનો અંત ૨૩મી ડિસેમ્બરના દિવસે આવી જશે.

● અનુસંધાન પાન-૭ પર

## હવે લોટરી પર ૨૮ ટકા જીએસટી અમલી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય

**જીએસટી કાઉન્સિલની બેઠકમાં શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા : લોટરી પર પહેલી માર્ચ ૨૦૨૦થી ૨૮ ટકા જીએસટી રહેશે : જીએસટીઆર-૯ ભરવાની સમયમર્યાદા ૩૧ જાન્યુઆરી : લેન્ડ લિઝ જીએસટી રેટ અમલી**

નવીદિલ્હી, તા. ૧૮

જીએસટી કાઉન્સિલની આજે અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે જીએસટી કાઉન્સિલે લોટરી માટે ૨૮ ટકાના યુનિફોર્મ ટેક્સ રેટ નક્કી કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બીજી બાજુ જીએસટીઆર-૯ ભરવા માટેની સમય મર્યાદા ૩૧મી જાન્યુઆરી કરી દેવામાં આવી છે. લોટરી પર પહેલી માર્ચ ૨૦૨૦થી ૨૮ ટકા જીએસટી લાગૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જ્યારે ઔદ્યોગિક પાર્કની સ્થાપનામાં મદદ માટે ઔદ્યોગિક ભુખંડોના દીર્ઘકાલીન પટ્ટા પર જીએસટીને દૂર કરવાનો નિર્ણય કરાયો છે. કેન્દ્રીય મહેસુલ સચિવ દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. નાણામંત્રી નિર્મલા સીતારામનના નેતૃત્વમાં આજે જીએસટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. હાલમાં રાજ્ય સરકારો દ્વારા ચલાવવામાં આવતી લોટરી પર ૧૨ ટકા જીએસટી લાગૂ થાય છે. હવે લોટરી પર ૨૮ ટકા જીએસટી રહેશે. પહેલી માર્ચ ૨૦૨૦થી આને અમલી કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. જુલાઈ ૨૦૧૭થી જીએસટીઆર-૧ દાખલ નહીં કરવા માટે પેનલ્ટીને હળવી કરવામાં આવી છે. આ ઉપરાંત ઉની અને બિનઉની બેગ માટે યુનિફોર્મ ૧૮ ટકાનો રેટ નક્કી કરવામાં આવ્યો છે. કાઉન્સિલની બેઠકને લઈને પહેલાથી જ ચર્ચા ચાલી રહી હતી. વણેલા અને બિનવણેલા થેલા ઉપર જીએસટી રેટ ૧૮ ટકા રહેશે. અર્થતંત્રમાં મંદી વચ્ચે આજે જીએસટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. ગ્રાહકોની સાથે સાથે ઈન્ડસ્ટ્રી પણ હાલમાં ભારે દબાણ હેઠળ છે. રેવેન્યુમાં થઈ રહેલા ઘટાડાની સાથે સાથે જીએસટી રેટમાં વધારાને લઈને સૂચનો થઈ રહ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારામનના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની બેઠક આજે મળી હતી જેમાં જીએસટીની સમીક્ષા, જુદી જુદી વસ્તુઓ ઉપર વળતર સેસના દરો સહિતના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

## એલઓસી પર સ્થિતિ બગડી શકે છે : બિપીન રાવત

નવી દિલ્હી, તા.૧૮

પાકિસ્તાન સાથે જોડાયેલી અંકુશરેખા અથવા તો એલઓસી પર કોઈપણ સમયે સ્થિતિ ખરાબ થઈ શકે છે. સેના પ્રમુખ જનરલ બિપીન રાવતે આજે આ અંગેની શંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારતીય સેના કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ છે. ઓગસ્ટ મહિનામાં જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ સરહદ પર પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામની ઘટનાઓ બની રહી છે. આવી ઘટનાઓ વચ્ચે સેના વડા તરફથી આ નિવેદન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતુ કે, અંકુશરેખા પર સ્થિતિ કોઈપણ સમયે બગડી શકે છે. સ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવું પડશે. ઓગસ્ટથી ઓક્ટોબર સુધી પાકિસ્તાન દ્વારા ૯૫૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

વર્ષ-૨૦૨૦ ની ડાયરીઓ
રૂા.૭૫ થી રૂા.૧૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝ. હોલસેલ ભાવે ઉપલબ્ધ. પાવર બેંક/પેન ડ્રાઈવ સાથેની ડાયરી - મંથલી પ્લાનર / ઓરગેનાઈઝર વિ.
-: સંપર્ક :-
હેમાંગ આર.ગાંધી
રૂષભ એન્ટરપ્રાઈઝ, સહજાનંદ કોમ્પલેક્ષ (ભોંયરામાં) સે.૩૦, ચાર રસ્તા પાસે
મો.૯૩૭૭૭ ૨૩૧૬૪